ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

# જિલ્લામાં પી.ટી.સી.ના પરિણામમાં અડાલજનો દબદબો

## અડાલજ, માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરની દસ પ્રશિક્ષણાર્થીઓ જિલ્લામાં ટોપ ટેનમાં

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ડી.એલ.એડ. (પી.ટી.સી.)નું પ્રથમ વર્ષનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવેલ છે. જેમાં રાજયનું પરિણામ ૮૫.૭૬ ટકા આવ્યું છે જયારે અડાલજ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.

સમગ્ર રાજયમાં ઉત્તમ શિક્ષકો તૈયાર કરવાની નેમ સાથે આ સંસ્થાની સ્થાપના ઈ.સ. ૧૯૫૯માં કરવામાં આવી હતી. શ્રી



ઈન્દુમતીબહેન શેઠ દ્વારા સ્થાપિત અને અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર કેળવણીના ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરી રહેલ પ્રશિક્ષણ સંસ્થા છે. જેના

### જિલ્લાના ટોપ ટેનની યાદી

| ક્રમ | ટોપર્સ | ટકાવારી | જિલ્લામાં નંબર |
|---|---|---|---|
| ૧ | પાયલ શંભુભાઈ ચૌહાણ | ૯૦.૩ | પ્રથમ |
| ૨ | ભાવિકા વિનુભાઈ સોલંકી | ૮૮.૯૬ | બીજો |
| ૩ | રિયા રમેશભાઈ પટેલ | ૮૮.૮૧ | ત્રીજો |
| ૪ | ક્રિનલ દશરથભાઈ પ્રજાપતિ | ૮૭.૭૬ | ચોથો |
| ૪ | સપના ચંદુભાઈ કળમી | ૮૭.૭૬ | ચોથો |
| ૪ | શ્રેયા વિષ્ણુભાઈ પટેલ | ૮૭.૭૬ | ચોથો |
| ૫ | તોરલ સોમાભાઈ ઠાકોર | ૮૭.૪૬ | પાંચમો |
| ૬ | શિવાંગી દેવેન્દ્રભાઈ ગજ્જર | ૮૭.૩૧ | છઠ્ઠો |
| ૭ | સીમા અજીતભાઈ ગરાસિયા | ૮૭.૧૬ | સાતમો |
| ૮ | ભાવના રાજાભાઈ દીહોરા | ૮૬.૮૭ | નવમો |



પરિપાકરૂપે અધ્યાપન મંદિરમાં દર વર્ષે ઉત્કૃષ્ઠ પરિણામ લાવી પ્રશિક્ષકો તૈયાર થઈ રહ્યા છે.

આજે પીટીસીના પ્રથમ વર્ષના પરિણામમાં ગાંધીનગર જિલ્લામાં ટોપ ટેનમાં દસ પ્રશિક્ષણાર્થીઓએ ટોપર્સ રહી સંસ્થા પરિવારનું નામ રોશન કર્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજયમાં તથા જિલ્લામાં તેજસ્વી પરિણામ સાથે સંસ્થાએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે.

કુલ તાલીમાર્થી ૫૦ બહેનોમાંથી ડિસ્ટીંકશન મેળવનાર તાલીમાર્થી બહેનોની સંખ્યા ૪૮ છે. ૯૦ ટકાની ઉપર ૧, ૮૫ ટકાથી ૯૦ ટકાની વચ્ચે ૧૪, ૮૦ થી ૮૫ ટકાની વચ્ચે ૧૫, ૭૫ ટકાથી ૮૦ ટકાની વચ્ચે ૧૨, ૭૦ થી ૭૫ ટકાની વચ્ચે ૬ તથા ૬૫ થી ૭૦ ટકાની વચ્ચે ૨ તાલીમાર્થી બહેનોએ સ્થાન મેળવેલ છે.

સંસ્થાના આચાર્ય સુરેખાબહેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફ પરિવારના આયોજનપૂર્વકના સ્માર્ટવર્ક તથા સઘન શિક્ષણકાર્ય તથા પ્રશિક્ષણાર્થી બહેનોની સઘન મહેનતના પરિણામ સ્વરૂપે તથા સંચાલક મંડળના પ્રોત્સાહનથી આ સુંદર પરિણામ સાંપડયુ છે. સંસ્થાના નિયામક સ્મિતાબહેન દવે તથા ટ્રસ્ટી એસ.કે. શાહે સર્વેનો ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# એસટી ડેપોમાં વિદ્યાર્થીઓના પાસ માટે આગોતરૂ આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં શાળાઓ -કોલેજોમાં શૈક્ષણિક સત્રોનો પ્રારંભ થઈ ગયો છે. વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં જતા નિયમિત બની ગયા છે ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવન-જાવન કરે છે. શૈક્ષણિક અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનો વાહન વ્યવહાર માટે પાસ કઢાવે છે. વિદ્યાર્થીઓને પાસને પગલે આર્થિક લાભ થાય છે. ત્યારે વિદ્યાર્થીઓને પાસ સરળતાથી મળી રહે તે માટે ગાંધીનગર એસટી તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. હાલ જે બારીઓ છે તેના પર તો પાસ નિકાળવામાં આવશે પરંતુ વિદ્યાર્થીઓનો ધસારો રહેશે તો નવી બારીઓ પણ તાત્કાલીક ધોરણે ઉભી કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને લાંબી લાઈનોનો સામનો કરવો પડે નહી. તો બીજી તરફ બે વર્ષ અગાઉ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને પાસ સરળતાથી અને ઝડપી મળી રહે તે માટે શાળા- કોલેજમાં જ ફોર્મ ઉપલબ્ધ કરાયા હતા. જેને પગલે શાળા-કોલેજમાંથી વિદ્યાર્થીઓની તમામ વિગત ભરીને ફોર્મ આવતા એસટી તંત્રની કામગીરી સરળ બનતા વિદ્યાર્થીઓના પાસ તાત્કાલીક નિકળી જાય છે. દરેક વિદ્યાર્થીઓને પાસ મળી રહેતા અભ્યાસ માટે આવન-જાવનમાં વિદ્યાર્થીઓને અનુકુળ રહે છે. ત્યારે નવા સત્રના પ્રારંભથી જ વિદ્યાર્થીઓનો પણ પાસ માટે ભારે ધસારો આગામી સમયમાં જોવા મળે તો નવાઈ નહી.

# ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસે ‘બાળ મજદૂરી વિરોધી દિવસ’ ઉજવ્યો



ગાંધીનગર, તા.૧૨

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા તા. ૧૨-૬-૨૦૧૮ના રોજ ગાંધીનગર આદીવાડા ગામની સરકારી આંગણવાડીમાં ‘એન્ટી ચાઈલ્ડ લેબર ડે’ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના વોર્ડ નં.૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબના પ્રમુખ કુંપલબેન દવે, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબના પ્રમુખ શિલ્પા દેસાઈ, ઉપપ્રમુખ મનીષાબેન ગોહિલ, ભાવનાબેન દેસાઈ તથા સેક્રેટરી રેખાબેન પંડીત, કો. સેક્રેટરી પ્રિતીબેન મિશ્રા, ઉમાબેન સુતરીયા ટ્રેજરર રશ્મિબેન ગોન્ડલીયા, જયશ્રીબેન સોની તથા લાયોનેસ મેમ્બર ગીતાબા ચૌહાણ, સરોજબેન દવે, ભારતીબેન જોષી, ઉષાબેન કતેરીયા તથા લાયન્સ ભરત દેસાઈ તથા ધૈવતભાઈ શુકલાએ હાજરી આપી હતી. કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા સરકારી આંગણવાડીના પ્રિન્સીપાલ જયાબેન અને શિક્ષકગણના સહયોગથી આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જે બાળકોના પિતા મૃત્યુ પામ્યા છે તથા તેમની માતાઓ એકલે હાથે ઝઝૂમીને, જાતે મહેનત કરી બાળકોને ભણાવે છે તેવી પાંચ માતાઓને ચાંદીના સિક્કા આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંગણવાડીના ૪૦ બાળકોને ઠંડા પાણીની વોટર બોટલ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબના પ્રમુખ શિલ્પા દેસાઈએ બાળ મજૂરી વિષે સમજ આપતા કહ્યું કે ‘જો આપણા દેશને વિશ્વ ફલક પર પ્રેરણારૂપ બનાવવો હોય તો આપણી આવનારી પેઢીને શિક્ષીત કરવી જ પડશે. કુટુંબની થોડી આવકમાં વધારો કરવા માતા પિતાએ બાળકને મજૂરી ન કરાવવી જોઈએ. બાળમજૂરી બાળકના માનસિક તેમજ શારિરીક વિકાસ પર અસર કરે છે. તેમનું બાળપણ છીનવી લે છે. બાળક શિક્ષણથી વંચિત રહે તે બાબત એક બાળક માટે અને દેશ માટે માનસિક, શારિરીક, સામાજિક અથવા નૈતિક રીતે હાનિકર્તા છે. આ પ્રથાને ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ શોષણ પણ કહે છે.’

# વિધાનસભાના કર્મચારીએ પત્નીને મોતને ઘાટ ઉતારી

## ૧૫ વર્ષથી માનસિક બીમાર પત્નીથી કંટાળીને સે-૪ માં રહેતા પતિએ પોતાના બંને હાથે પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી : હત્યા કરીને પતિ એ પોલીસ સ્ટેશન જઈને આત્મસમર્પણ કરી લીધુ

ગાંધીનગર, તા.૧૨

રાજયના પાટનગર ગાંધીનગરમાં ગઈકાલે એક વિચિત્ર ઘટના બની ગઈ હતી. રાત્રે એક વાગ્યાના અરસામાં સે-૪માં રહેતા અને વિધાનસભામાં પટાવાળા તરીકે ફરજ બજાવતા એક પ્રૌઢ સે-૭ પોલીસ સ્ટેશનમાં આવી પહોંચ્યા હતાં અને ‘સાહેબ, મેં મારી પત્નીને ગળું દબાવીને મારી નાખી છે’ તેમ કહીને પોલીસ સમક્ષ ઊભા રહી ગયા હતા. પત્નીની હત્યા કરીને આત્મસમર્પણ કરવા આવેલા પતિને જોઈને પોલીસ પણ ચોંકી ગઈ હતી. પોલીસે તપાસ કરી તો ખરેખર તેમણે પોતાના ઘરે પોતાની પત્નીને બંને હાથે ગળું દબાવીને હત્યા કરી નાખી હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટના અંગે સેકટર-૭ પોલીસે તેમના દિકરાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી હત્યાનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આત્મસમર્પણ કરનાર હત્યારા પતિની પણ ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૪ બી પ્લોટ નં.૪૭૫/૧ ખાતે રહેતા ધીરૂભાઈ ભાવિસિંગભાઈ પટેલ વિધાનસભામાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે. ૫૯ વર્ષીય ધીરૂભાઈ પટેલના ૫૩ વર્ષીય પત્ની રૂપાબેન છેલ્લા ૧૫ વર્ષથી માનસિક બીમારીનો ભોગ બનેલા હતા. રૂપાબેન દિવસભર તેમના પતિ અને તેમના દીકરા ઉપર મનફાવે તેમ ગુસ્સો કાઢી ગાળાગાળી કરતા રહેતા હતા. અમદાવાદના શાહીબાગ રોડ પર આવેલી એક માનસિક આરોગ્યની હોસ્પિટલ ખાતે તેમની દવાઓ ચાલતી હતી. આ ઉપરાંત છેલ્લા પાંચેક મહિનાથી રૂપાબેનની તબિયત વધુ લથડી હતી. બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના પણ રોગો ઘર કરી ગયા હતા. પખવાડિયા પહેલાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પગમાં પરુ થઈ જતા સામાન્ય ઓપરેશન કર્યુ હતું. થોડા સમયથી તો પડોશીઓ સાથે પણ ઝગડાઓ કરવાનું શરૂ કરી દીધું હતું. પતિ ધીરૂભાઈ અને પત્ની રૂપાબેન સાથે તેમનો ૩૦ વર્ષીય દીકરો પ્રમોદ પટેલ પણ રહે છે. વર્ષોથી માનસિક રીતે બીમાર પત્નીથી પતિ ધીરૂભાઈ કંટાળી ગયા હતા.

ગઈકાલે રાત્રે જમી-પરવારીને દીકરો પોતાના રૂમમાં જઈને સૂઈ ગયો હતો ત્યારે પતિ-પત્ની બેઠકરૂમમાં પોતપોતાના ખાટલામાં સુતા હતા. રાત્રે એક વાગ્યે અચાનક ધીરૂભાઈ પોતાના દીકરાના રૂમમાં ગયા અને દીકરા પ્રમોદને ઉઠાવીને કહ્યું કે, ‘તારી મમ્મીને છેલ્લા દસેક દિવસથી વધારે તકલીફ થયેલી છે અને આખો દિવસ કકળાટ કર્યા કરતી હોય છે. આજુબાજુવાળા સાથે પણ કકળાટ કરતી હોય છે અને ઘણા વર્ષોથી સહન કરતાં આવ્યા છીએ પણ હવે મારાથી સહન ન થતાં મેં પોતે કંટાળી જઈને તારી મમ્મી રૂપાનું ગળુ બંને હાથેથી દબાવી દઈ મારી નાખી છે અને હું આત્મસમર્પણ કરવા પોલીસ સ્ટેશન જાઉં છું...’ તેમ કહી ઘરેથી પ્લેઝર લઈને નીકળી ગયા હતા. પિતાની વાત સાંભળીને દીકરા પ્રમોદે બહાર બેઠક રૂમમાં જઈને જોયું તો માતા રૂપાબેનની જીભ બહાર નીકળી ગયેલી હતી. માતાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. પત્નીની બીમારીથી કંટાળી જઈને પતિએ તેણીનું બંને હાથેથી ગળું દબાવી હત્યા કરી દીકરાને જાણ કરીને પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને પોતે પોતાની પત્નીની કરેલી હત્યાની કબૂલાત કરી આત્મસમર્પણ કરી દીધું હતું. સેકટર-૭ પોલીસે આ ઘટના અંગે ગુનો દાખલ કરી આત્મસમર્પણ કરનાર હત્યારા પતિની ધરપકડ કરી ઘટનાની ઝીણવટપૂર્વક તપાસ શરૂ કરી છે. જો કે આ ઘટનાએ શહેરભરમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

# નિસર્ગ ખાતે ‘સન્ડે સાયન્સ સ્કૂલ’ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૭ જૂન રવિવારથી ‘સન્ડે સાયન્સ સ્કૂલ’ કાર્યક્રમનો પ્રારંભ કરાશે.

વિજ્ઞાન અને ગણિત જેવા વિષયો પ્રયોગ દ્વારા સમજાવવાના વિષયો છે. હાલમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરીને ગણિત-વિજ્ઞાનની તૈયારી કરતા હોય છે. પરંતુ તેમનામાં પાયાના ખ્યાલોનો અભાવ જોવા મળે છે. શાળાઓમાં પ્રાયોગિક કાર્ય પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે તેથી વિદ્યાર્થીઓ વિજ્ઞાનના નિયમો સમજી શકવા સક્ષમ બનતા નથી.

નિસર્ગ સાયન્સ સેન્ટર વિજ્ઞાનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે દર રવિવારે ‘સન્ડે સાયન્સ સ્કૂલ’ના માધ્યમ થકી બાળ વૈજ્ઞાનિકોને પ્રયોગો, મોડલ, પ્રોજેકટ, સાયન્સ ફિલ્મ, સાયન્સ એક્ષ્પોઝર ટુર જેવા કાર્યક્રમો થકી તેમની રસ રૂચિ વધારવાનું આયોજન કરાયુ છે. દર રવિવારે માત્ર એક કલાક આ કાર્યક્રમમાં જે બાળકો આવશે તેમને આ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

વર્ષના ૪૦ રવિવાર આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ માટે સિનીયર સાયન્ટીસ્ટ અને જૂનિયર સાયન્ટીસ્ટનો કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે. જે થકી વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં આવતા પ્રયોગો સાથે વૈજ્ઞાનિક મોડલ તૈયાર કરવાનું કૌશલ્ય પણ શીખવવામાં આવશે. ગાંધીનગર શહેર અને જિલ્લાની કોઈ પણ શાળાના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાઈન શકશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ‘નિસર્ગ સાયન્સ સેન્ટર’, ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ કાર્યક્રમમાં અંગે વધુ માહિતી માટે સંસ્થાના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલનો ફોન નં. ૯૪૨૬૪ ૫૧૧૦૨ તથા ૯૦૯૯૩ ૮૨૯૩૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# રાયપુર કેનાલમાં ઝંપલાવી યુવાનનો આપઘાત



ગાંધીનગર, તા.૧૨

ડભોડા નજીક આવેલી રાયપુર નર્મદા કેનાલમાં પડતું મૂકીને દહેગામ તાલુકાના હંસપુરા ગામના યુવાને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ગઈકાલે સાંજથી લાપતા થઈ ગયેલા આ યુવાનની પરિવારજનો દ્વારા શોધખોળ ચાલી રહી હતી દરમિયાન આજે રાયપુર કેનાલની બહાર લાવતા યુવાનના ચંપલ મળી આવતા તેણે આપઘાત કરી લીધો હોવાની આશંકાએ શોધખોળ શરૂ કરવામાં આવી છે. જોકે મોડી સાંજ સુધી તેના કોઈ સગડ મળ્યા ન હતા.

મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના હંસપુરા ગામમાં રહેતા એક યુવાનની તેના પરિવારજનો દ્વારા ગઈકાલ સાંજથી શોધખોળ શરૂ કરવામાં આવી છે. ગઈકાલે સાંજે ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ચાલ્યા ગયેલા આ યુવાનની શોધખોળ કરતા કરતા પરિવારના સભ્યો ડભોડા નજીક આવેલા રાયપુર ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે પહોંચ્યા હતા. કેનાલના બ્રિજની બાજુમાં લાપતા થયેલા આ યુવાને ચંપલ મળી આવ્યા હતા. યુવાને કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાની આશંકાને પગલે પરિવારજનોએ બહિયલની તરવૈયાઓની ટીમ બોલાવી કેનાલમાં શોધખોળ કરી હતી. જો કે દિવસભર કરેલી શોધખોળ દરમિયાન યુવાનના કોઈ સગડ મળ્યા ન હતા.

## વાતવાતમાં

● તાજેતરમાં સચિવાલય સંકુલ ખાતે વર્ગ-૪ના કર્મચારીઓએ હલ્લાબોલ કર્યું હતું. જેમાં તેમને નિયંત્રિત કરવાના પ્રયાસમાં એલસીબી પીઆઈ જે.ડી. પુરોહિતનો પગ એક થાંભલા સાથે ભટકાયો હતો. આ કારણે તેમના પગમાં માઈનોર ક્રેક સર્જાતા તેઓને હાલ સારવાર અર્થે રજા પર ઉતરવું પડયું છે.

● સે-૨૬ પાસેની માલધારી વસાહતમાં સરકારી જમીન પર સર્જાયેલા બેફામ ગેરકાયદેસર દબાણને હટાવવા દબાણખાતુ જેસીબી લઈને પહોંચ્યું ત્યારે આ વસાહતની મહિલાઓ જેસીબી મશીનની આગળ બેસી ગઈ હતી. જો કે દબાણ પાર્ટીએ સ્હેજ પણ ‘દબાણ’માં આવ્યા વગર ગેરકાયદેસરના દબાણો જેમાં ઢોરના હવાડા સહિત દૂર કર્યા હતા.

● ઘ-૪ સર્કલ પાસે એક અકસ્માત સર્જાયો હતો જેમાં એક બાઈકસવારની કાર સાથે ટકકર થવા પામી હતી. આ અકસ્માતમાં બાઈક સવારને સામાન્ય ઈજાઓ તથા કારને સારું એવું નુકશાન થવા પામ્યું હતું.

● ‘આ સરકાર જયાંને ત્યાં બધુ બનાવ બનાવ કરે છે તો અમારે શાકભાજી વેચવા કયાં ઘરે બેસવાનું?’ આ પ્રકારનો બળાપો સે-૭ શોપીંગ સેન્ટરમાં ચાલી રહેલા નવા બગીચાના બાંધકામથી કંટાળેલી શાકભાજી વિતરક મહિલાએ કાઢયો હતો.

● નભોઈ નર્મદા કેનાલ પર એક યુવાન રીક્ષા અને મોબાઈલ ફોન મુકીને કેનાલમાં પડયો છે તેવો કોલ કન્ટ્રોલ રૂમને મળતા પોલીસે કેનાલ પર ધસી આવી હતી જેની સાથે આ યુવાનના સસરા પણ આવી પહોંચ્યા હતા. જો કે કેનાલમાં યુવાન કુદ્યો હોવાની વાત ખોટી પુરવાર થયું હતું. પરંતુ તે યુવાનના સસરાએ તેમનો જમાઈ નકામો છે, કુદી ગયો હોય તો સારું એવો બળાપો કાઢયો હતો.

## વાવોલની કિશોરનું બિમારીથી મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર નજીક આવેલા વાવોલ ગામની શાંતિનગર સોસાયટીમાં રહેતા વિરેન્દ્રસિંહ અરવિંદસિંહ રાઠોડ ઉં.વ.૧૬ ઝાડા-ઉલ્ટી થતા સારવાર માટે ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ જવાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ સિવિલમાં કિશોરની સારવાર ચાલી રહી હતી તે દરમિયાન આજે સવારના ૫ કલાકના અરસામાં બિમારીથી કિશોરનું મૃત્યું નિપજયું હતું. કિશોરના મૃત્યુની જાણ થતા પરિવારના સભ્યો અને વાવોલ ગામમાં શોકનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ભૂપેન્દ્રભાઈ રમણલાલ શાહ, ઉ.વ. ૬૫
- સ્વ. ભગવતીબેન હિરાલાલ ઉર્જાની, ઉ.વ. ૮૫
- સ્વ. રમણલાલ મફતલાલ પટેલ, ઉ.વ. ૮૫

# સરકારી શાળાઓ હવે ખાનગી શાળાની હરોળમાં...

ગાંધીનગર, તા.૧૨

જયારે બાળકની કેળવણીની વાત હોય ત્યારે માતા-પિતા હંમેશા શ્રેષ્ઠ જ પસંદ કરતા હોય છે. પહેલાના સમયમાં જયારે દેશમાં ખાનગી શાળાઓ ન હતી ત્યારે સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા ખુબ જ ઉચ્ચકક્ષાની જોવા મળતી હતી. જેમ જેમ ખાનગી શાળાઓનું પ્રમાણ વધવા લાગ્યું તેમ તેમ વાલીઓ પોતાના બાળકો માટે સરકારી શાળાઓને ત્યજવા લાગ્યા એક સમય એવો આવ્યો કે ફકત ગરીબો અને વંચિતોના બાળકો જ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા થયા. અત્યારે પણ એ જ પરિસ્થિતિ યથાવત છે!




સરકારી શાળાઓમાં ભણતા બાળકો પણ કેવો કમાલ કરી શકે છે તેનો દાખલો સેકટર-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળાએ બેસાડયો છે. સ્વામી વિવેકાનંદ શાળાના એક વિદ્યાર્થીએ એ ટુ ગ્રેડ સાથે ૮૩ ટકા મેળવ્યા છે. જયારે એક વિદ્યાર્થીની મેડીકલમાં પ્રવેશ મેળવશે. શાળામાં ધોરણ-૯ થી ધોરણ-૧૨ના કુલ ૬ વર્ગો ચલાવવામાં આવે છે ૬ વર્ગો માટે શાળામાં કાયમી અને પ્રવાસી શિક્ષકો મળીને કુલ ૧૨ શિક્ષકો ઉપલબ્ધ છે. ગત વર્ષે સ્વામી વિવેકાનંદ શાળામાંથી વિજ્ઞાન પ્રવાહના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓએ હિંમતનગર મેડીકલ કોલેજ તેમજ એક વિદ્યાર્થીનીએ આઉટ ઓફ ઈન્ડિયા મેડીકલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ ઉપરાંત એ ગ્રુપના કુલ ત્રણ વિદ્યાર્થીઓએ ઈજનેરીમાં પ્રવેશ મેળવ્યો હતો.

રાજય સરકાર દ્વારા કાયમી ધોરણે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા સ્ટાફની નિમણુંક કરાતા શિક્ષણનું સ્તર ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ સાથે હવે શહેરી વિદ્યાર્થીઓ પણ સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવતા થયા છે. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વધતાં વિદ્યાર્થીઓના પ્રવેશની સંખ્યામાં પણ વધારો થયો છે. સેકટર-૭માં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક શાળાની ઈમારત પણ આધુનિક ઢબે



બનાવાતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ચાલુ વર્ષે સરદાર પટેલ માધ્યમિક શાળામાં લગભગ ૫૭૭ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેમજ પ્રવેશ પ્રક્રિયા હજુ ચાલુ છે. શાળામાં ધો-૯ થી ધો-૧૨ માટે કુલ ૩ કાયમી શિક્ષકો તેમજ ૪ પ્રવાસી શિક્ષકો કાર્યરત છે. બાકીની જગ્યાઓ માટે ભરતી ટૂંક સમયમાં કરાશે.

સરકારી શાળા પ્રત્યેની નાગરિકોની ઉદાસીનતા હવે બદલાઈ રહી છે. શહેરી વિદ્યાર્થીઓ પણ હવે સરકારી શાળાઓમાં પ્રવેશ લેતા થયા છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સાથે ખભેખભા મિલાવતા થયા છે. આ બધું જ સરકારે અપનાવેલા આધુનિકીકરણના વલણને તેમજ માનસિકતાને આભારી છે.